| હવામાન | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| નવસારી | ૩૩.૦° સે. | ૧૯.૦° સે. |
| આહવા | ૩૬.૦° સે. | ૧૬.૦° સે. |
| વલસાડ | ૩૧.૦° સે. | ૧૭.૦° સે. |
| વાપી | ૩૧.૦° સે. | ૧૭.૦° સે. |

નવસારી-વલસાડ-વાપી | ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

નવસારી : ૯૪૨૬૧૮૯૫૩૩ | વાપી : ૯૯૦૯૯૯૫૨૧૧ | વલસાડ : ૯૯૭૯૭૫૫૭૫૫ | દમણ : ૯૯૯૮૯૬૩૨૨૫



**૧૨ હજારના બે અને ૪ હજારનુ એક મળી ત્રણ ફાયર ફાઈટરની અવધિ પૂરી થયાને ૧૫ મહિના વીતી ગયા બાદ**

## પ્રજા ઉપરવાળાના ભરોસે

# બીલીમોરાને ૨૫૦૦ લિટરનું મીની ફાયર ફાઈટર ફાળવાયું

**આટલી** ક્ષમતાવાળા એક નવા બાઉઝરથી ૧૮ ગામની દોઢ લાખની વસતીનું પાલિકા કેવી રીતે રક્ષણ કરશે

**પાલિકા** પાસે ૧૨-૧૨ હજાર લિટરવાળા બે મોટા અને ૪ હજાર લિટરવાળું એક મીની ફાયર ફાઇટર કાર્યરત



કેરસી બારીયા

બીલીમોરા : બીલીમોરામાં ૧૨ હજારના બે જુના અને ૪ હજારનુ એક મળી ત્રણ ફાયર ફાઈટરની અવધિ પૂરી થયાને ૧૫ મહિના પછી સરકાર તરફથી પાલિકાને ફક્ત અઢી હજાર લિટર પાણીની ક્ષમતા વાળુ એક નવું બાઉઝર મળ્યેથી બીલીમોરા અને આજુબાજુના ૧૮ ગામોના દોઢ લાખની વસ્તીનુ પાલિકા કેવી રીતે રક્ષણ થશે. અગાઉ પાલિકા પાસે ૧૨-૧૨ હજાર લિટર ક્ષમતા ધરાવતા બે મોટા અને ૪ હજાર લિટર ક્ષમતા ધરાવતું એક મીની ફાયર ફાઈટર મળીને કુલ ૨૮ હજાર લિટર પાણી ક્ષમતા ધરાવતા ત્રણ વાહનો કાર્યરત હતા.

કેન્દ્ર સરકારના ૧૫ વર્ષથી જૂના વાહનો બંધ કરવાની નીતિ મુજબ નવેમ્બર ૨૦૨૪માં બીલીમોરા નગરપાલિકાનાં ત્રણેય વાહનોની મુદ્દત પૂર્ણ થતાં તેમની આરસી બુક રદ થઈ ગઈ હતી. નવા નિયમો પ્રમાણે આ વાહનો ચલાવવું ગેરકાયદે ગણાય છે. તેમ છતાં વિકલ્પના અભાવે ઈમરજન્સી સમયે આ વાહનોનો ઉપયોગ કરવો પડતો હતો. પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને બીલીમોરા નગરપાલિકાએ ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ કોર્પોરેશન (જીયુડીસી)ને નવા ફાયર ફાઈટરો ફાળવવા લેખિત રજૂઆત કરી હતી. જેના જવાબમાં જીયુડીસી દ્વારા ૧૮૦ દિવસમાં વાહનો ઉપલબ્ધ કરાવવાનું આશ્વાસન આપ્યું હતું. જોકે, અમલમાં વિલંબ થતાં આખરે તા. ૧૩/૦૨/૨૦૨૬ના રોજ આઈસર કંપનીનું માત્ર ૨૫૦૦ લિટર ક્ષમતા ધરાવતું એક મીની ફાયર ટેન્ડર ફાળવાયું છે. શહેર અને ૧૮ ગામોમાં આગ નિયંત્રણની જવાબદારી બીલીમોરા પાલિકા પર છે. આવી સ્થિતિમાં અગાઉની ૨૮ હજાર લીટર ક્ષમતા સામે હવે માત્ર ૨૫૦૦ લિટરનું એક જ વાહન ઉપલબ્ધ થતાં આગ જેવી આપત્તિમાં પૂરતી વ્યવસ્થા થશે કે નહીં તેવો સવાલ ઉઠી રહ્યો છે.

### આ છે રાજ્ય સરકારની મોટી ભેટ

નાગરિકોમાં આટલી ઓછી ક્ષમતાવાળું વાહન પૂરતું રહેશે? તેવી ચર્ચા વ્યાપક બની છે. આ વચ્ચે રવિવારે રાજ્ય સરકારની મોટી ભેટ તરીકે કાર્યક્રમ યોજી રાજ્યના કેબિનેટ મંત્રી નરેશ પટેલના હસ્તે ફાયર ફાઇટરનુ લોકાર્પણ કરવામાં આવ્યું. પરંતુ શહેરની સુરક્ષા સંબંધી મૂળ પ્રશ્નો યથાવત્ રહેતા આ કાર્યક્રમ ટીકાપાત્ર બન્યો હોવાનું કહેવાય છે.

### પૂરતી ક્ષમતાવાળું ફાયર ફાઇટર ફાળવવા માંગ

સામાન્ય રીતે લોકો તેઓના ઘર કે મકાનોમાં ઓછામાં ઓછી બે હજાર લિટરની પાણીની ટાંકી વપરાશ માટે મુકે છે. પણ અહીં તો માત્ર ૨૫૦૦ લિટરની કેપિસિટીવાળું નવું ફાયર ફાઇટર સરકારે ફાળવતા હાલ નાગરિકો, આગેવાનો દ્વારા પૂરતી ક્ષમતાવાળા આધુનિક ફાયર ફાઇટરો તાત્કાલિક ફાળવવા રાજ્ય સરકાર સમક્ષ માંગ ઉઠી રહી છે, જેથી બીલીમોરા શહેર અને આસપાસના ગામોની આગ સુરક્ષા સુનિશ્ચિત થઈ શકે.

### બીલીમોરા સોમનાથ મંદિરે ઘી કમળનાં દર્શન માટે ભક્તો ઉમટ્યા




કેરસી બારીયા

■ બીલીમોરામાં સોમનાથ દાદાનું સ્વયંભૂ શિવલિંગ આવેલું છે. કમળ સાથે ૬ ફૂટ ઊંચી શ્રી હરિહરની ૨૨૦ કિલો ઘી માંથી નિર્મિત પ્રતિમાએ આકર્ષણ જમાવ્યું છે. મહાશિવરાત્રિએ સ્વયંભુ સોમનાથ દાદાના દર્શન માત્રથી આધિ વ્યાધિ ઉપાધિ દૂર થાય છે. મહાશિવરાત્રિએ રાત્રે બારના ટકોરે ઘી કમળ શિવલિંગ ઉપર ઘી કમળ દર્શન આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. તે સાથે ૨૨૦ કિલો ઘી થી નિર્મિત શ્રી હરિહર (વિષ્ણુ - શંકર ભગવાન) ની પ્રતિમાએ આકર્ષણ જમાવ્યું છે. હવે ૧૦ દિવસ બાદ ઘી કમળની શોભાયાત્રા સાથે વાજતેગાજતે બંદરે વિસર્જન કરાશે. બીલીમોરા સોમનાથ મહાદેવ મંદિરના પ્રમુખ સુરેશભાઈ દેસાઈ, દેવચંદ પટેલ, પંકજ મોદી, નિતીન ગાંધી, જગદીશ મહેતા, વિનોદ દેસાઈ, પ્રદીપ મહેતા સહિત તમામ ટ્રસ્ટીઓ, સુરેશ તળાવીયાએ તૈયારી કરી હતી.

## એરૂ ચાર રસ્તા પર જૂની અદાવતમાં જૂથ અથડામણ

**જાહેરમાં** મારામારી, ફરિયાદ વગર સમાધાન થતાં કાયદાની અસરકારકતા પર સવાલ

નવસારી : રવિવારની મોડી રાત્રે એરૂ ચાર રસ્તા વિસ્તારમાં ભરવાડ સમાજ અને પરપ્રાંતિય વચ્ચે જૂની અદાવતને કારણે થયેલી બોલાચાલી અચાનક ઉગ્ર બની ગઈ હતી. વાતચીતમાંથી શરૂ થયેલો વિવાદ પળોમાં જ મારામારીમાં ફેરવાઈ જતા જાહેર માર્ગ પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. ઘટના સમયે વિસ્તારમાં તંગદિલીનો માહોલ જોવા મળ્યો હતો.

આ અથડામણમાં બંને પક્ષના કેટલાક વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક નવસારી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જાહેર સ્થળે બનેલી આ ઘટનાએ વધતી જૂની અદાવતો અંગે ચિંતા ઊભી કરી છે.

પરિસ્થિતિ વધુ વણસે તે પહેલાં બંને પક્ષના આગેવાનો વચ્ચે મધ્યસ્થી થતાં મામલો શાંત પાડવામાં આવ્યો હતો. સમાધાનના કારણે બંને પક્ષોએ પોલીસમાં કોઈ સત્તાવાર ફરિયાદ નોંધાવી નહોતી. જલાલપોર પોલીસના જણાવ્યા મુજબ આ બનાવ અંગે હાલ સુધી કોઈ ગુનો નોંધાયો નથી.

જાહેરમાં મારામારી જેવી ગંભીર ઘટના બાદ પણ ફરિયાદ વગર મામલો સમાપ્ત થઈ જતાં કાયદાની અસરકારકતા અંગે સવાલો ઊભા થયા છે.

# સોલધરામાં ગેરકાયદે બાંધકામ હટાવવાનો કલેક્ટરનો હુકમ

**કોમર્શિયલ** કોમ્પ્લેક્સનું ગેરકાયદે બાંધકામ દૂર કરવા સાથે ૧૦,૮૯૬ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો

**પંચાયતની** પરવાનગી વિના આઠ દુકાનોની આકારણી સામે વીસ દુકાનો હોવાનો ઉલ્લેખ કરાયો



ધર્મેશ પટેલ

### સોલધરામાં ગેરકાયદે બાંધકામની રજૂઆતના મહિનાઓ વિતવા છતાં ન્યાય મળ્યો નથી

જિલ્લા કલેક્ટર દ્વારા સોલધરાની ખાનગી જમીનમાં ગેરકાયદે બાંધકામ દૂર કરવાનો હુકમ કરવામાં આવ્યો છે પરંતુ તેમના ગામમાં લોક સંવાદ દરમિયાન સોલધરા ગામમાં સોમનાથ રેસીડેન્સી અને પેટ્રોલ પંપના બાંધકામમાં માર્ગ મકાનની સંપાદિત જમીનમાં ગેરકાયદે બાંધકામની રજૂઆતના મહિનાઓ વિતવા છતાં ગ્રામજનોને ન્યાય મળ્યો નથી. આ બાંધકામમાં પણ માર્ગ મકાનની નિયંત્રણ રેખાનો ભંગ થતો હોવાની લોકોએ પણ રજૂઆત કરી હતી અને માર્ગ મકાનના નાયબ કાર્યપાલક ઇજનેર દ્વારા આ અંગે સોમનાથ રેસીડેન્સીના કર્તાહર્તા ઓને નોટિસ પણ ફટકારવામાં આવી હતી. જેમાં ડીએલઆર દ્વારા માપણી થઈ ગયાને લાંબો સમય વીતવા છતાં સ્થળ ઉપર કોઈ કાર્યવાહી થઈ નથી ત્યારે જિલ્લા કલેક્ટર દ્વારા આ અંગે પણ રસ દાખવવામાં આવે તેવી સ્થાનિકોમાં લાગણી પ્રવૃત્તિ રહી છે.

ઘેજ : જિલ્લા કલેક્ટર દ્વારા શરતભંગના કેસમાં ચીખલી તાલુકાના સોલધરા ગામે ખેતીલાયક જમીનમાં બિનખેતીની પરવાનગી વિના નિયંત્રણ રેખાનો ભંગ કરી કરવામાં આવેલા કોમર્શિયલ કોમ્પ્લેક્ષનું ગેરકાયદે બાંધકામ દૂર કરવાનો હુકમ કરવા સાથે ૧૦,૮૯૬ રૂપિયાનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે.

તાલુકાના સોલધરા ગામના વડ ફળિયાના ઈશ્વરભાઇ છીબાભાઇ પટેલ વિરુદ્ધ ગામના દિનેશ છોટુભાઈ પટેલ સહિતનાઓએ ૨૦૨૩ અને ૨૪ માં સોલધરાની ખેતીલાયક જમીનમાં બિનખેતીની પરવાનગી વિના જ બાંધકામ કરતા લેખિત રજૂઆતમાં પ્રાંત અધિકારી દ્વારા જરૂરી સુનાવણી હાથ ધરી શરત ભંગની દરખાસ્ત કરવામાં આવી હતી.

ઉપરોક્ત જમીનમાં શરતભંગ અંગેની સુનાવણી કલેક્ટરમાં ચાલતા પ્રશ્નવાળી જમીનમાં સક્ષમ અધિકારી દ્વારા મંજૂર થયેલા લે આઉટ પ્લાન રજૂ ન થયેલા હોવાનું, જમીનમાં થયેલા બાંધકામ બાબતે કોઈ રજા ચિઠ્ઠી, બાંધકામની પરવાનગી મેળવેલી ન હોવાનું અને ખેતીલાયક જમીનમાં બિનખેતીની પરવાનગી વિના બિનખેતી કૃત્ય કરવામાં આવેલું હોવાનું ઉપરાંત માર્ગ મકાન પંચાયત વિભાગના નાયબ કાર્યપાલક ઇજનેરના અહેવાલમાં નિયંત્રણ રેખાનો ભંગ થતો હોવાનું જણાવાતા બાંધકામ નિયમબધ્ધ કરવાપાત્ર થતું નથી તેવું સ્પષ્ટ થયું હતું.

આ ઉપરાંત ગ્રામ પંચાયતની પણ પરવાનગી મેળવેલી ન હોવા સાથે કુલ આઠ જેટલી દુકાનોની જ આકારણી કરવામાં આવેલી હોય અને સ્થળ પર વીસ જેટલી દુકાનો હોવાનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

ઉપરોક્ત સ્થિતિમાં જિલ્લા કલેક્ટર ક્ષિપ્રા આગ્રે દ્વારા સોલધરાની ખેતીલાયક જમીનમાં થયેલું ગેરકાયદે બાંધકામ દૂર કરવાનો હુકમ કરી અને બાંધકામ દૂર કરવાનો ખર્ચ જમીન માલિકો પાસેથી વસૂલ કરવાનું તેમજ સોલધરા ગ્રામ પંચાયતે નાયબ કાર્યપાલક ઇજનેર પંચાયત ચીખલીના સંકલનમાં રહીને હુકમની અમલવારી કરવાનું પણ હુકમમાં જણાવાયું છે. આ ઉપરાંત ૧૦,૮૯૬ જેટલી રકમનો દંડ પણ ફટકારવામાં આવ્યો છે. સામા વાળા ઈશ્વરભાઈ છીબાભાઈ પટેલ રાજકીય પક્ષના હોદ્દેદાર હોય સ્થાનિક કક્ષાએ રાજકીય વાતાવરણ ગરમાવવા પામ્યું છે.

## છીરીમાં બે ઈસમોએ 3 પર હુમલો કરી એકનું માથું ફોડ્યું

વાપી : વાપી છીરીમાં આવેલી ચાલીમાં રહેતા બે ઈસમોએ 3 લોકોને ઢીક્કામુક્કીનો માર મારી એકનું દંડા વડે માથું ફોડ્યું હતું. વાપી નજીકના છીરી, રામનગર પંચવટી સોસાયટીની બાજુમાં આવેલી ચાલીમાં અભિમન્યુ શિવકુમાર સાગર રામ (ઉં.24) રહે છે. આ જ ચાલીમાં કૃણાલ રાજેશ ઝા અને તેનો મિત્ર પ્રિન્સ સુરેન્દ્ર યાદવ પણ રહે છે. ગત તા.15 ફેબ્રુઆરીના રોજ મહાશિવરાત્રિ તહેવાર હોવાથી કંપનીમાં રજા હોય જેથી અભિમન્યુ રૂમ પર હતો તે સમયે કૃણાલ આવ્યો હતો અને બે વખત ધક્કો માર્યો હતો. જેથી ધક્કો મારવાનું કારણ પૂછતા બોલાચાલી કરી અને ઢીક્કામુક્કીનો મારમાર્યો હતો અને લાકડાનો દંડો લઈને આવ્યો અને તેનો મિત્ર પ્રિન્સ પણ આવેલો અને બંને ભેગા મળી લાકડાના દંડા વડે માર માર્યો હતો. જેમાં અભિમન્યુને લોહી નીકળતું હતું. તેને બચાવવા માટે સાળો અને સસરો વચ્ચે પડતા તેઓને પણ માર માર્યો હતો. ઈજાગ્રસ્તને વાપીની હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કર્યો હતો. આ બનાવ અંગેની ફરિયાદ અભિમન્યુએ વાપી ડુંગરા પોલીસ મથકમાં કરી હતી.

## નવસારી હાઈવે પર હિટ એન્ડ રનમાં સુરતના શ્રમજીવીનું મોત

**અજાણ્યા** વાહનની અડફેટે એક ટક્કરમાં ત્રણ સંતાનો નિરાધાર, અકસ્માત બાદ ચાલક ફરાર

નવસારી : સુરતના ડિંડોલી વિસ્તારની અંબિકાનગર સોસાયટીમાં રહેતા અજય ગોસ્વામી કટલરીની ફેરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતા હતા.

ત્રણ સંતાનોના પિતા અજય સોમવારે મોટરસાયકલ (નં. MH-19-ES-3267) પર નવસારી આવી રહ્યા હતા. નવસારી-સુરત સ્ટેટ હાઈવે પર મધુસૂદન વિલા નજીક પહોંચતા જ અજાણ્યા વાહન ચાલકે બાઈકને અડફેટમાં લેતા અજય બાઈક સાથે રસ્તા પર ફંગોળાઈ ગયા અને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં મોત થયું હતું.

અકસ્માત બાદ અજાણ્યો વાહન ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે મૃતકના પિતા કંચનગીરી ગોસ્વામી દ્વારા મરોલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ પીએસઆઈ એમ. એન. ગમાર હાથ ધરી રહ્યા છે.

## હજારો મુસાફરો માટે વર્ષો બાદ આશાનું કિરણ

**ઉધના** વિરાર વચ્ચે નવી મેમુ ટ્રેન શરૂ કરવા રેલવે મંત્રીને સાંસદની રજૂઆત

**ઉમરગામ** અને સંજાણમાં ટ્રેનોના સ્ટોપેજ સહિતની રજૂઆતો



વલસાડ, ઉમરગામ : વલસાડના સાંસદ અને લોકસભાના દંડક ધવલ પટેલે કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવની દિલ્હીમાં મુલાકાત કરી મહત્વની માંગણીઓ રજૂ કરી છે. જેમાં ઉદ્યોગ ગૃહોમાં કામ કરતા શ્રમિકો અને રોજિંદા આવાગમન કરતા મુસાફરો માટે ઉધના અને વિરાર વચ્ચે નવી મેમુ ટ્રેન શરૂ કરવા ભારપૂર્વક રજૂઆત કરી છે. સાથે ઉમરગામ અને સંજાણમાં લાંબા અંતરની ટ્રેનોને સ્ટોપેજ આપવા પર ભાર મૂક્યો છે. ઉમરગામ-સંજાણ માટે ટ્રેનોના સ્ટોપેજની માંગ કરી છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, સાંસદ દ્વારા ઉમરગામ સ્ટેશનમાં ફ્લાઈંગ રાણી એક્સપ્રેસ, અવધ એક્સપ્રેસ, રાણકપુર એક્સપ્રેસ અને સંજાણ સ્ટેશને સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસ ટ્રેનના સ્ટોપેજ માટે પણ રેલવે મંત્રીને રજૂઆત કરી છે. ઉપરાંત ઉદવાડા અને ડુંગરી વચ્ચે અંડરપાસનું કામ વહેલી તકે પૂર્ણ કરવામાં આવે. સાથે છીપવાડ, મોગરાવાડી અને ગુંદલાવના ઓવરબ્રિજના કામોને પ્રાથમિકતા આપવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

## સાપુતારા રોપવેના મેન્ટેનન્સ કર્મચારીઓ પગારથી વંચિત

**બે** મહિનાના રૂ. 5.60 લાખ બાકી નીકળતા કલેક્ટર સમક્ષ ન્યાયની ગુહાર



સાપુતારા : ગુજરાતના એકમાત્ર હિલ સ્ટેશન સાપુતારા ખાતે પ્રવાસીઓમાં આકર્ષણનું કેન્દ્ર ગણાતા રોપવે પ્રોજેક્ટના સંચાલનમાં ગંભીર નાણાકીય અનિયમિતતા સામે આવી છે. રોપવેના ઓપરેશન અને મેન્ટેનન્સનું કાર્ય સંભાળતી ખાનગી એજન્સીએ કર્મચારીઓને છેલ્લા બે મહિનાથી વેતન ન ચૂકવતા કર્મચારીઓએ આખરે ડાંગ જિલ્લા કલેક્ટરને ઈ-મેલ દ્વારા લેખિત ફરિયાદ કરી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, રાજસ્થાનના ભીનમાલ સ્થિત 'આશીર્વાદ બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ' નામની સંસ્થાને સાપુતારા રોપવેના સંચાલન અને જાળવણીની જવાબદારી સોંપવામાં આવી હતી. આ સંસ્થા હેઠળ કાર્યરત કર્મચારીઓએ નવેમ્બર-2025 થી જાન્યુઆરી-2026 દરમિયાન તમામ ટેકનિકલ અને મેનેજમેન્ટ કામગીરી નિષ્ઠાપૂર્વક સંભાળી હતી.

સંસ્થાના પ્રતિનિધિ ઈજનેર બાપુજી પરિડાના જણાવ્યા અનુસાર, તેમની ટીમે પ્રવાસીઓની સુરક્ષાને પ્રાધાન્ય આપીને જવાબદારીપૂર્વક કામ કર્યું હતું. તેમ છતાં, કામ પૂર્ણ થયા બાદ કર્મચારીઓના હક્કના રૂપિયા 5,60,000 ચૂકવવામાં કંપની મેનેજમેન્ટ દ્વારા ગલ્લાતલ્લા કરવામાં આવી રહ્યા છે.

કર્મચારીઓએ આક્ષેપ કર્યો છે કે વારંવાર રજૂઆત કરવા છતાં મેનેજિંગ ડિરેક્ટર દ્વારા કોઈ હકારાત્મક પ્રતિસાદ મળ્યો નથી. બે મહિનાથી પગાર ન મળવાને કારણે અનેક પરિવારો જીવનજરૂરી ચીજવસ્તુઓ માટે પણ મુશ્કેલી અનુભવી રહ્યા છે.

### કર્મચારીઓની મુખ્ય માંગણીઓ

- બાકી વેતન તાત્કાલિક અસરથી ચૂકવવામાં આવે.
- શ્રમિકોનું શોષણ કરનાર એજન્સી સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવે.
- પ્રવાસન ધામની છબી ખરડાવનાર બિનવ્યાવસાયિક વર્તણૂક સામે પ્રશાસન કડક પગલાં ભરે.



ઉમેશ સોલંકી

## નારગોલમાં ઘરના બહાર છાપરાના શેડમાં આગ લાગી

ઉમરગામ : નારગોલમાં ઘરના બહાર છાપરાના શેડમાં આગ લાગવાનો બનાવ બન્યો હતો. આગ અકસ્માત રીતે લાગી કે કોઈએ લગાડી તેની પોલીસે તપાસ હાથ ધરી છે. ઉમરગામ તાલુકાના નારગોલ નવા તળાવ 2 ખાતે રહેતા સોમલીબેન પ્રભુભાઈ ભંડારીના ઘરના આગળના ભાગે આવેલા શેડમાં રાત્રે આગ લાગી હતી. જેના કારણે શેડમાં રાખેલી ઘરવખરી તથા શેડને નુકસાન થયું હતું. આગ કઈ રીતે લાગેલી છે તેની કંઈ ખબર નથી.

આ આગની ઘટનામાં નારગોલ મરીન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## પોતાના બેંક એકાઉન્ટમાં ફ્રોડના નાણાં જમા કરાવનાર આરોપીના જામીન નામંજૂર

વલસાડ : વલસાડ પોલીસે સાઈબર ફ્રોડના નાણાં જમા કરવનારા મ્યુલ એકાઉન્ટ ધારકોને શોધવાની કવાયતમાં વાપીના યુવાનની અટકાયત કરી હતી. આરોપીએ જામીન પર છૂટવા ચાર્જશિટ ફાઈલ થયા બાદ વાપીની એડિશનલ સેસન્સ કોર્ટમાં જામીન માટે અરજી કરી હતી. જેની સૂનવણી હાથ ધરાતા ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી જજ એચ. એન. વકીલે બંને આરોપીઓના જામીન નામંજૂર કરતો હુકમ કર્યો હતો.

વાપીના ઝૈદ ઉર્ફે સાનુ હનિફ શેખ મ્યુલ એકાઉન્ટ એટલે કે સાઈબર ફ્રોડના નાણાં જમા કરાવવા પોતાનું બેંક એકાઉન્ટ આપવાના બે જુદા જુદા ગુનામાં સંડોવાયેલો હતો અને તેની વાપી ટાઉન પોલીસે ધરપકડ કરી હતી. જેને જ્યુડિશ્યલ કસ્ટડીમાં મોકલી આપવામાં આવ્યો હતો. જેની પ્રથમ ગુનામાં ચાર્જશિટ થઈ ગયા બાદ તેણે જામીન માટે કરેલી અરજી જજે નામંજૂર કરી છે.

**પિલરો અને દીવાલોમાં તિરાડોવાળી ટાંકી ૧૦ વર્ષથી બિનઉપયોગી**

# જર્જરિત ટાંકી બાળકો માટે જોખમી

**વાંસદાના** ધરમપુરીમાં શાળાથી માત્ર ૧૨ ફૂટ અંતરે આવેલી પાણી પુરવઠાની ખંડેર ટાંકી



નિલેશ કાપડિયા

વાંસદા : ધરમપુરી પ્રાથમિક શાળાની બાજુમાં આવેલી જર્જરિત પાણીની ટાંકીએ શાળાના બાળકો અને આંગણવાડીના ભૂલકાઓ માટે જોખમ ઉભુ કર્યું છે, છતાં તંત્ર દ્વારા આ બાબતે ગંભીરતા દાખવાતી નથી. શું કોઈ મોટી હોનારત થાય પછી તંત્ર જાગશે ? એવો સ્થાનિકોમાં ગણગણાટ થઈ રહ્યો છે.

વાંસદા તાલુકાના ધરમપુરી ગામે નિશાળ ફળિયા ખાતે આવેલી પ્રાથમિક શાળાની પાછળ ૧૨ ફૂટના અંતરે અત્યંત જર્જરિત પાણીની ટાંકી આશરે ૧૦ વર્ષથી બિન ઉપયોગી જોવા મળી રહી છે. ટાંકી જર્જરિત થઈ જતા તેના પિલરો અને દીવાલોમાં પણ તિરાડો દેખાવા માંડી છે. જેના કારણે આ જર્જરિત પાણીની ટાંકી ગમે ત્યારે તૂટી પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. ટાંકીની બાજુમાંથી પસાર થતાં લોકો તેમજ બાજુમાં જ આવેલી આંગણવાડી અને પ્રાથમિક શાળાના બાળકોને પણ જીવનું મોટું જોખમ ઉભુ થયું છે. હાલ પાણી પુરવઠા દ્વારા આ જર્જરિત ટાંકીની બાજુમાં જ નવી ટાંકી બનાવી દેવામાં આવી છે, છતાં આ જોખમી ટાંકીને દૂર કરવામાં આવતી નથી. તો શું અધિકારીઓ આ ટાંકી તૂટી પડવાની રાહ જોઈ રહ્યું છે ? અધિકારીઓ દ્વારા સ્થળ નિરીક્ષણ પણ કરી ગયા હોવા છતાં આજદિન સુધી આ જોખમી ટાંકી ને કેમ હટાવવામાં આવતી નથી. જો ટાંકી તૂટી પડે અને કોઈ માસૂમનો જીવ જાય તો જવાબદાર કોણ ? જેવા સવાલો સ્થાનિકોમાં ઉઠવા પામ્યા છે.


### જાહેર સુચના

આ સાથે જણાવવામાં આવે છે કે સ્ટેટ લેવલ એન્વાયરમેન્ટ ઇમ્પેક્ટ અસેસમેન્ટ ઓથોરીટી (SEIAA), ગુજરાતના પત્ર ક્રમાંક નં. ઇસી25સી0000જીજે5456004એન, તારીખ ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬, અંતર્ગત: ટીપી-૧ ના સર્વે નં.: ૭૬૪, ૭૬૫, ૭૭૬ ટીપી-૨ ના સર્વે નં.: ૭૬૯, ૭૭૦, ૮૯૫ ટીપી-૩ ના સર્વે નં.: ૭૭૨ ટીપી-૪ ના સર્વે નં.: ૮૯૮ ગામ: કરંજવેરી, તાલુકો: ધરમપુર, જિલ્લો: વલસાડ, પિન: ૩૯૬૦૫૧, ગુજરાત ખાતે આવેલ શ્રીમદ્ રાજચંદ્ર એજ્યુકેશનલ ટ્રસ્ટ દ્વારા પ્રસ્તાવિત "શ્રીમદ્ રાજચંદ્ર એજ્યુકેશનલ ટ્રસ્ટના એજ્યુકેશન કેમ્પસ" ની પરિયોજનાને પર્યાવરણીય મંજૂરી મળેલ છે.

સ્થળ: વલસાડ, ગુજરાત
તારીખ: ૧૭/૦૨/૨૦૨૬

શ્રીમદ્ રાજચંદ્ર એજ્યુકેશનલ ટ્રસ્ટ
(ટ્રસ્ટી)